

વસંતના વધામણા - વસંતના આગમનનું કાઉન્ટ-ડાઉન આરંભાતા જ સંસ્કૃતિ કુંજ નવા રૂપ-રંગ સાથે સાંસ્કૃતિક ચેતનાનો નવસંચાર કરવા સજ્જ બન્યું છે... સંસ્કૃતિ કુંજનો વસંતોત્સવ હવે ગાંધીનગરની એક આગવી ઓળખ બની ગયો છે... દેશના વિવિધ રાજ્યોના નૃત્યમંડળીઓ પોતપોતાના રાજ્યની ઓળખ આપતા નૃત્યો રજૂ કરી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરે છે... ગાંધીનગર શહેર અને આસપાસના ગ્રામીણ વિસ્તારમાંથી સેંકડો કલા રસિકો પ્રતિવર્ષ સંસ્કૃતિ કુંજમાં ઉભરાય છે... કાશ્મીરથી લઈ કન્યાકુમારી સુધી અને આસામથી લઈ રાજસ્થાન સુધીના કલાકારો અવનવી નૃત્યશૈલી રજૂ કરી શ્રેષ્ઠ ભારત - એક ભારતના અભિગમને ચરિતાર્થ કરે છે... તો બીજી તરફ આ વર્ષે પણ સંસ્કૃતિ કુંજમાં અનેક હસ્તકલાના સ્ટોલ્સ પણ જોવા મળશે... ઘરવપરાશથી લઈને આભૂષણો અને સુશોભનની વિવિધ વસ્તુઓના વિવિધ સ્ટોલ્સ પણ આ વસંતોત્સનું પણ એક આકર્ષણનું કેન્દ્ર છે... વસંતોત્સવ દરમિયાન મુલાકાતીઓ વિવિધ વસ્તુઓની ખરીદીની સાથે સાથે વિવિધ રાજ્યોના લોકનૃત્યોને પણ મન ભરીને માણશે...

# જિલ્લામાં ઉમેદવારી પત્ર લેવા માટે ધસારો

**૪ અપક્ષ ઉમેદવારોએ આજે ઉમેદવારી નોંધાવી જેમાં માણસા તા.પં. માટે ૩ અને કલોલ ન.પા.માં એક ઉમેદવારી પત્ર ભરાયુ**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે આજે પણ મોટી સંખ્યામાં ઉમેદવારી પત્રો લઈ જવાયા છે અને ૪ અપક્ષ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી ખાતુ ખોલાવ્યુ છે.

જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો જંગ બહુકોણીય અને રોચક બનશે તેવા સંકેતો રાજકીય વર્તુળોમાંથી મળી રહ્યા છે.

આજે પણ ગાંધીનગર તાલુકામાં જિલ્લા પંચાયતની બેઠકો માટે ૨૮ જેટલા, માણસામાં પણ ૨૮ જેટલા, કલોલમાં ૧૩ જેટલા, દહેગામમાં ૨૦ જેટલા ફોર્મ ઉપડ્યા છે. તો કલોલ નગરપાલિકામાં ૫૦ થી વધુ અને દહેગામ ન.પા.માં ૧૫ થી વધુ ફોર્મ ગયાનું જાણવા મળેલ છે.

દરમ્યાન આજે માણસા તાલુકા પંચાયત માટે ૩ અપક્ષ ઉમેદવારોએ ઉમેદવારી પત્ર ભર્યા હોવાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત કલોલ નગરપાલિકા માટે એક ઉમેદવારી પત્ર ભરાયુ છે.

પ્રથમ બે દિવસ દરમ્યાન ઉમેદવારો દ્વારા ફોર્મ લઈ જવામાં આવી રહ્યાં છે. આજે અમાસનો દિવસ હોવાથી ગુરૂવારથી ઉમેદવારી પત્રો ભરાવવામાં ગતિ આવશે તેમ રાજકીય વર્તુળોનું માનવુ છે.

જિલ્લામાં આ વખતે મુખ્ય સ્પર્ધક પક્ષો ભાજપ અને કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની પસંદગી હજુ

● અનુસંધાન પાન-૭ પર

## ભાજપ દ્વારા આજે ઉમેદવારો જાહેર થવાની સંભાવનાઓ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં ભારતીય જનતા પાર્ટી ફ્રન્ટ રનરની છાપને વધુ મજબુત બનાવવા માટે આજે તેના કેટલાક ઉમેદવારોની યાદી પ્રસિદ્ધ કરી શકે છે તેવા સંકેતો પાટનગરના રાજકીય વર્તુળોમાંથી સાંપડ્યા છે.

જિલ્લામાં ઉમેદવારોની પસંદગી માટે રજુઆતો ગઈકાલે મોવડીમંડળ સમક્ષ પૂર્ણ થઈ ગઈ છે. જો કે દહેગામ તાલુકાનું કોકડુ ગુંચવાયુ હોવાનુ તેમજ કેટલીક બેઠકો પર સમીકરણોને ધ્યાને રાખી હાઈકમાન્ડ સમક્ષ જિલ્લાના આગેવાનો જશે તેવા સંકેતો મળી રહ્યા છે. પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડે ૬૦ વર્ષથી વધુ વયના કોઈને પણ ટિકિટ નહિ આપવાના વલણમાં કડક વલણ અખત્યાર કરતાં આવી સ્થિતિ આવી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો મુજબ ભાજપ જિલ્લા પંચાયતની ૨૮ બેઠકો પૈકી ૧૦ થી ૧૫ ઉમેદવારોની યાદી અને તાલુકા પંચાયતમાં ૪૦ થી વધુ ઉમેદવારોની યાદી આજે જાહેર કરી શકે છે.

જાહેર થયેલા ઉમેદવારો ૧૧મીએ તેમના ફોર્મ ભરશે. આ માટેની તૈયારીમાં જિલ્લાના આગેવાનો લાગી ગયા હોવાનું પણ જાણવા મળેલ છે. ઉમેદવારો દ્વારા એફીડેવીટ સહિતની તૈયારીઓ તાત્કાલિક પુરી કરવાના સંકેતો સંભવિતોને આપી દેવામાં આવ્યા હોવાનું પણ જાણવા મળેલ છે.

ભાજપના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ભાજપ આ વખતે જિલ્લાની તમામ તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતો તેમજ બે નગરપાલિકા કબ્જે કરવા પુરેપુરી તાકાતથી લડશે. કેટલાક નારાજ થયેલા કાર્યકરોને પણ મનાવી લેવામાં આવશે તેમ આ સૂત્રોએ જણાવ્યુ છે. જો કે ૧૧મી સાંજ સુધીમાં તમામ યાદીઓ જાહેર થઈ જશે તેમ આ સૂત્રોનું કહેવુ છે. ૧૨મી સુધીમાં તમામ ઉમેદવારો તેમના ઉમેદવારીપત્રો ભરી દેશે.

## ઉમેદવારોની પસંદગી મામલે કોંગ્રેસમાં ધમાસણ

**કોંગી આગેવાનો વચ્ચે પસંદગીના મુદ્દે ધમાસણ ચાલતાં પસંદગીની કામગીરીમાં રૂકાવટ છેલ્લી ઘડીએ ફોન કરી મેન્ડેટ આપવાની પરંપરાનુ પુનરાવર્તન થશે તેવી આશંકાઓ**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના ઉમેદવારોની પસંદગી માટે કોંગ્રેસે ધીમી ગતિએ આગળ વધવાની નીતિ અખત્યાર કરી છે. જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોના ઉમેદવારોની પસંદગીને મુદ્દે નેતાઓ વચ્ચેના રિસામણા અને મનામણાની કાર્યવાહી ચાલી રહી હોવાની વાતોએ કાર્યકરોમાં નિરાશા ઉભી કરી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના આગેવાનો પક્ષ છોડી ભાજપ તરફ પ્રવેશ કરી રહ્યા છે પણ કોંગી આગેવાનો પસંદગીના મુદ્દે હઠીલાપણુ અટકાવી રાખતા ઉમેદવારોની પસંદગી ઘોંચમાં પડી છે.

એક તબક્કે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ દહેગામમાંથી જંગમાં ઝુકાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. જો કે તેમણે આ ચૂંટણી લડવા માટે બે થી ૩ બેઠકો પસંદ કરી છે અને નિર્ણય મોવડીમંડળ પર છોડ્યો છે.

જો કે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા જે રીતે ઘોંચમાં પડી છે તે જોતાં કોંગ્રેસ તેના ઉમેદવારોને હવે છેલ્લી ઘડીએ અર્થાત ૧૨મીએ ટેલિફોન પર જાણ કરશે અને મેન્ડેટ મેળવી ઉમેદવારીપત્ર ભરવાના આદેશ આપશે તેવી વાતો કાર્યકરોમાં થઈ રહી છે. કેટલાક આગેવાનો સ્થાનિક સમીકરણોને ધ્યાને લીધા સિવાય નો રીપીટ થિયરીનો અમલ કરાવવા આગ્રહી અને હઠ લઈ બેઠા હોવાની વાતોએ કાર્યકરોમાં કચવાટ ઉભો કર્યો છે.

જિલ્લામાં એક તરફ ભાજપ સત્તા કબ્જે કરવા માટે આક્રમક રણનીતિ સાથે આગળ વધી રહેલ છે. કોંગ્રેસની જૂથબંદીનો ફાયદો પણ ઉઠાવી રહેલ છે. આજે કેટલાક નેતાઓના દુરાગ્રહો અને હઠને કારણે ઉમેદવારોની પસંદગીમાં રૂકાવટ ઉભી થઈ છે.

જિલ્લામાં તાલુકા પંચાયતોના ઉમેદવારોની પસંદગીમાં પણ રૂકાવટો આવી રહી હોવાનું આડકતરૂ નેતાઓ કરી રહ્યાં છે. જો કે ટિકિટવાંચ્છુઓ હવે પ્રદેશ આગેવાનોને તાત્કાલિક દરમ્યાનગીરી નહિ કરે તો જિલ્લા કોંગ્રેસમાં પણ બળવાની સ્થિતિ ઉભી થશે તેમ માની અને ધ્યાન દોર્યુ હોવાનું જાણવા મળેલ છે.

## સે-૬ માં નવા આવાસોની સાઈટ પર ૧૯ વૃક્ષોનુ માર્કીંગ કરાયુ

**સેકટરમાં ટ્રીમીંગ સહીત સુકા વૃક્ષો દુર કરવા માટે ઝુંબેશ હાથ ધરાઇ આવાસોના બાંધકામને અનુલક્ષી ટુંકમાં નડતરરૂપ વૃક્ષો દુર કરાશે**

ગાંધીનગર તા ૯

શહેરમાં ઉભા સુકા વૃક્ષોની સંખ્યા વિશેષ છે ત્યારે વનતંત્ર દ્વારા પણ સમયાંતરે આ પ્રકારના સુકા વૃક્ષોની કટોતી કરવામાં આવે છે. સે -૬ માં આજે સુકા વૃક્ષો દુર કરાયા હતા જયારે નવી આવાસ યોજનાને અનુલક્ષી વનતંત્ર દ્વારા ૧૯ જેટલા વૃક્ષોનુ માર્કીંગ કરાયુ છે. આવાસ નિર્માણને અનુલક્ષી ટુંકમાં આ વૃક્ષોની પણ કટોતી કરાશે.

સે-૬ માં નવા આવાસો બાંધવામાં આવી રહ્યા છે. નવા આવાસો બાંધવા માટે અગાઉ જુના આવાસોનો કડુસલો કરવામાં આવ્યો હતો સેકટરોમાં જુના અને જર્જરિત મકાનો તોડીને નવા મકાનો બાંધવામાં આવી રહ્યા છે. ત્યારે જુના આવાસોના સ્થાને ખાલી જગ્યામાં નવી ટાવર કોલોનીનુ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. સે-૬ માં હાલ નવા આવાસો બાંધવાનુ કામ પ્રગતિ હેઠળ છે. જયારે ટુંકમાં કેટલાક આવાસોનુ લોકાર્પણ પણ કરવામાં આવશે. આ ઉપરાંત અન્ય સેકટરોમાં પણ આગામી દિવસોમાં આવાસ બાંધવાનુ કામ હાથ ધરાશે. સેકટરોમાં માર્ગ સુધારણા તેમજ નવા બિલ્ડીંગો બાંધવાની કામગીરી દરમિયાન હરિયાળા વૃક્ષોનુ નિકંદન વળે છે. હરિયાળા વૃક્ષોની કટોતી પણ થાય છે. ત્યારે આવાસ નિર્માણમાં પણ નડતરરૂપ વૃક્ષોની કટોતી કરવામાં આવે છે. સે-૬ માં પણ નવા આવાસોના બાંધકામને અનુલક્ષી ૧૯ જેટલા વૃક્ષોનુ માર્કીંગ કરવામાં આવ્યુ છે. જયારે આ વૃક્ષોની ટુંકમાં કટોતી કરવામાં આવશે. જયારે આ વૃક્ષોની કટોતી બદલ માર્ગ મકાન વિભાગ કક્ષાએથી રૂ ૪૯ હજારનુ વળતર પણ ચુકવવામાં આવશે.

આજે પણ સેકટરમાં ૨ સુકા અને ભયજનક વૃક્ષોની કટોતી કરવામાં આવી હતી. શહેરમાં વૃક્ષોની સંખ્યા વિશેષ છે. ત્યારે સુકા અને જોખમી વૃક્ષોનો પણ અગાઉ વનતંત્ર દ્વારા સર્વે કરાયો હતો જેને અનુલક્ષી સુકા વૃક્ષો દુર કરાયા હતા નવા આવાસો બાંધવાના સ્થળે હજુ પણ સેકટરમાં વૃક્ષોની આડશ છે. ત્યારે આ વૃક્ષો ટુંકમાં દુર કરવામાં આવશે. હાલ વનતંત્ર દ્વારા સેકટરમાં સુકા વૃક્ષોની કટોતી સાથે વૃક્ષોનુ ટ્રીમીંગ પણ કરવામાં આવી રહ્યુ છે. શહેરમાં સુકા વૃક્ષોની સંખ્યા વિશેષ છે ત્યારે જોખમી વૃક્ષો દુર કરવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી છે.

# દહેગામના મામલે ભાજપમાં પણ ચકમક

**જિલ્લા પ્રમુખ અને દહેગામના સિનીયર આગેવાનો વચ્ચે બોલાચાલી : દહેગામ નગરપાલિકાના ઉમેદવારોની પસંદગીને મુદ્દે ભાજપમાં ઉકળતા ચરૂ જેવી સ્થિતિ**

ગાંધીનગર, તા. ૯

દહેગામ નગરપાલિકાના ઉમેદવારોની પસંદગીને લઈ સંગઠન પાંખમાં ભારે ગજગ્રાહ ચાલી રહ્યો હોવાનું તેમજ ભાજપના કેટલાક આગેવાનો અને જિલ્લા ભાજપ પ્રમુખ વચ્ચે તુ-તુ મૈ-મૈ થઈ હોવાની વાતે જિલ્લાના રાજકારણમાં ઉત્તેજનાઓ છવાઈ જવા પામી છે.

દહેગામ નગરપાલિકામાં ઉમેદવારોની પસંદગીમાં કાર્યકરોની સાચી રજુઆત સાંભળવામાં નહિ આવી હોવાથી કાર્યકરોમાં ગુસ્સાની લાગણી જોવા મળી રહી છે.

મળતા નિર્દેશો મુજબ કેટલાક સિનીયરોના પત્તા કપાયા હોવાની વાતો બહાર આવતાં કેટલાક આગેવાનો આજે ગાંધીનગર પહોંચ્યા હતા. જ્યાં જિલ્લા પ્રમુખ અને આગેવાનો વચ્ચે તીવ્ર બોલાચાલી થઈ હોવાનું જાણવા મળેલ છે. આ દરમ્યાન અપશબ્દો પણ બોલાયા હોવાથી કાર્યકરોમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

જો કે પાર્લામેન્ટરી બોર્ડે હજુ દહેગામ નગરપાલિકાના ઉમેદવારોની પસંદગીનો મુદ્દો હાથ પર નહિ લીધો હોવાની વાતો પણ કાર્યકરોમાં ચર્ચાઈ રહી છે.

મળતી વિગતો પ્રમાણે સંનિષ્ઠ કાર્યકરોની અવગણના કરવામાં આવી છે તેમજ રાતોરાત અન્યોને ટિકિટ ફાળવવામાં આવી રહી હોવાથી કાર્યકરોમાં રોષની લાગણી ઉભરી આવી છે.

ઉમેદવારોની પસંદગી માટે નિમાયેલા નિરીક્ષકોએ પણ સાચા કાર્યકરોની વાતો સાંભળી નથી. દહેગામ તાલુકામાં ભાજપમાં આમ તો ઉકળતા ચરૂ જેવી સ્થિતિ હાલ જોવા મળી રહી છે અને આગામી દિવસોમાં નવા જૂની થશે તેવા એંધાણ જોવા મળી રહ્યા છે.


સાતમી માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



આંખો હજુ નિહાળે છે તમને,
અંતર હજુ પુકારે છે તમને,
સ્મરણ તમારૂ થાય છે અમને,
મન મુકીને રડાવે છે અમને,
અંજલિ આપતા હૈયું તુટે છે,
શ્રદ્ધાંજલિ આપતા
શબ્દો ખુટે છે,
ભગવાન આપના આત્માને
શાંતિ અર્પે એ જ
અમારી પ્રાર્થના...

સ્વ. શ્રી રમણભાઈ જેસીંગદાસ પટેલ
સ્વ. તા. ૧૦-૦૭-૨૦૨૦

લિ. ગં. સ્વ. પટેલ જશુબેન રમણભાઈ (પત્ની)
પટેલ જયેશભાઈ રમણભાઈ (પુત્ર)
ડો. પટેલ ધર્મેશભાઈ રમણભાઈ (પુત્ર)
પટેલ અસ્મિતાબેન રમણભાઈ (પુત્રી)

આર. જે. ફાર્મ, લવારપુર, ગાંધીનગર



છઠ્ઠી વાર્ષિક પૂણ્યતિથિએ
ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્વ. ઈન્દીરા આર. શાહ
સ્વર્ગવાસ તા. ૧૦/૨/૨૦૧૫

તમારા મિલનસાર સ્વભાવ તથા હસતા ચહેરાને લીધે, જીવન છોડી ગયા છતાં જીવતા હોવાનો ભાસ છે. જીવન એવું જીવી ગયા કે ક્યારેય ભૂલાય નહીં. અમારા જીવનમાં જે સુંદર છે તે બધુ તમારા પ્રતાપે છે.
પરમાત્મા આપના આત્માને સદાય શાંતિ આપે એ જ પ્રાર્થના...

રમણભાઈ એચ. શાહ પરિવાર
૪૫, આનંદનગર, સેક્ટર-૨૭, ગાંધીનગર


# જિલ્લામાં કોરોનાના ૮ નવા કેસ : ૭ ને ડિસ્ચાર્જ અપાયું

**ગાંધીનગર તાલુકામાં બે અને માણસામાં ૧ કેસ નોંધાયો : સે. ૫ માં બે કેસ ઉપરાંત સે. ૨૮, ૧૭ અને ૨ માંથી કેસ મળ્યા**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે વધુ ૮ કેસ નોંધાયા છે. જેમાં ગાંધીનગર શહેરમાં પાંચ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં ૩ કેસનો સમાવેશ થાય છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે ૩ કેસ નોંધાયા છે તેમાં ગાંધીનગર તાલુકાના સરગાસણ ગામે બે કેસ નોંધાયા છે. જ્યારે માણસાના દેલવાડા ગામે ૮૧ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા ૩ કેસમાંથી સરગાસણમાં મળી આવેલા બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

જિલ્લામાં વધુ ૨ દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં ૪૦૩૧ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૩૨ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ૨૭૦૧ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના પાંચ કેસ નોંધાયા છે. સંવેદનશીલ વિસ્તારોમાંથી કેસો પુનઃ મળવાના શરૂ થતાં તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

ગાંધીનગર શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં તલોદની બેંક ઓફ બરોડાના મેનેજર, એક બિલ્ડર તેમજ જુના સચિવાલયના એક કર્મયોગીનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે નોંધાયેલા પાંચ કેસમાં બે મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલા તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે સે. ૫ માંથી ૨, સે. ૨૮, સે. ૧૭ અને સે. ૨ માંથી કેસ મળી આવેલ છે.

શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ પાંચ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં હાલ ૩૫ થી પણ ઓછા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

## શહેરી વિસ્તારના ગામોમાં નળ સે જળ અંતર્ગત ૫ હજાર જોડાણ નિયમિત કરાશે

**આગામી ઉનાળામાં ગામોમાં પાણીનો કકળાટ ડામવા તંત્રએ અત્યારથી જ આયોજન કર્યુ : નળ સે જળ યોજના અન્વયે જોડાણને કાયદેસર કરાશે**

ગાંધીનગર તા ૯

ગાંધીનગર શહેરી વિસ્તારના ગામોમાં દાયકાઓના અંતે પણ હજુ માળખાગત સુવિધાનો અભાવ હોવાનો આક્રોશ સ્થાનિકોમાં પ્રબળ છે. ત્યારે શહેરી વિસ્તારના ગામોમાં પાણી ગટર અને રસ્તાની સુવિધા અપગ્રેડ કરવા માટે પણ તબક્કાવાર આયોજન કરવામાં આવી રહ્યુ છે. પાણીની જરૂરિયાત સંતોષવા માટે સરકારની નળ સે જળ યોજના અન્વયે આ ગામોમાં ૫ હજાર જોડાણને નિયમિત કરવા માટે પણ કામગીરી હાથ ધરાશે.

ગાંધીનગરના વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં હજુ માળખાગત સુવિધાઓનો અભાવ વર્તાય છે. ગામોમાં પાણી ગટર અને રસ્તા સહીત સ્ટ્રીટ લાઇટની સુવિધાઓ યોગ્ય કરવા માટે અવારનવાર સ્થાનિકો દ્વારા રજુઆત થાય છે. ત્યારે પાણીની સમસ્યા દુર કરવા માટે તંત્ર દ્વારા ગત દિવસોમાં નવા બોર , સંપ અને ટાંકીનુ નિર્માણ કરાયુ છે. જયારે તબક્કવાર આ ગામોમાં પાણીની લાઇન નાંખવા માટે પણ જરૂરિયાત મુજબ કામ હાથ ધરવામાં આવી રહ્યુ છે. શહેરી વિસ્તારના પાલજ , બાસણ બોરીજ, ઈન્દ્રોડા અને ધોળાકુવા સહિતના ગામોમાં નળ સે જળની યોજના અન્વયે પાણીના જોડાણને કાયદેસર કરવા માટે આયોજન કરાયુ છે. શહેરી વિસ્તારના આ ગામોમાં પાણીના આ પ્રકારના જોડાણને અનુલક્ષીને સર્વે હાથ ધરાયો છે. જયારે કોર્પોરેશનના ટેકસ બીલ પરથી પણ ઘણી હકીકતો સામે આવી છે. ત્યારે આ યોજના અન્વયે ગામોમાં પાણીનુ જોડાણ આપવા માટે હાલ વિગતો તૈયાર થઇ રહી છે. ત્યારબાદ સરકારની આ યોજના અન્વયે જોડાણ મુજબ ચાર્જ વસુલીને લાઇનને યોગ્ય કરાશે જયારે આ માટે પાણીનો સપ્લાય પુરો પાડવા માટે પણ જરૂરી કામ હાથ ધરાશે આ માટે ટેન્ડર પ્રકીયાના આધારે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. હાલની સ્થિતિએ શહેરી વિસ્તારના ગામોમાં અંદાજિત ૫ હજાર જેટલા જોડાણોને નિયમિત કરવા માટે પણ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. શહેરી વિસ્તારના ગામોમાં ઉનાળાની આકરી ગરમી દરમિયાન આમ પણ પાણીનો કકળાટ ઉઠવા પામતો હોય છે ત્યારે પાણી વિતરણ વ્યવસ્થા માટેના યોગ્ય આયોજનના અંતે આગામી ગરમીના દિવસોમાં પાણીની પોકાર શાંત પડશે તેવી આશા પણ બંધાઈ છે.


www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com